**GJBK020067222022**

===============================================

**બનાસકાંઠાના મે.એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં.** મુ. પાલનપુર

===============================================

ફોજદારી કેસ નં.૫૭૨૮/૨૦૨૨

આંક–

ફરિયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– રાજુભાઈ વેરશીભાઈ દેસાઈ
રહે.સોનબાગ ઢુંબડીવાસ પાલનપુર

ગુન્હોઃ– પ્રોહી એકટની કલમ–૬૬(૧)બી મુજબ

**<u>–: ચુકાદો :–</u>**

આ કામના આરોપી વિરુદધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં પોલીસે રજુ કરતા પોલીસ પેપર્સની નકલો આરોપીને પૂરી પાડી આક્ષેપાયેલ ગુન્હા સંબંધે આરોપી ની ગુના કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાનો સ્વીકાર કરેલ છે. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે, મોટુ કુટુંબ છે, માંડ માંડ પૂરુ કરે છે, અન્ય કોઈ ગુન્હામાં સંડોવાયેલ નથી, કુટુંબની જવાબદારી તેમના ઉપર છે, ઘરમાં કમાવનાર એકજ વ્યકિત છે. સદરહુ ગુન્હો કર્યાનો પસ્તાવો છે. ભવિષ્યમાં આવો ગુન્હો નહિ કરે તેવી ખાતરી આપી હળવી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે. આરોપીની પ્લી લેવામાં આવી તેમાં પણ આરોપીએ સ્વૈચ્છિક ગુન્હો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે. આરોપીની કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોવાની ખાતરી કરવામાં આવી.

આ કામે આરોપી સ્વૈચ્છિક ગુન્હો કબુલ કરતા હોય, તેને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આ કામે આરોપીએ કાયદાની આંટીઘૂંટીનો લાભ મેળવવા પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ છે. તે સંજોગોમાં <u>નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવીઝન બેંચે ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ શ્રી ગુજરાત સરકાર વિ. નટવરલાલ હરખચંદજી ઠાકોર ના</u>

ચુકાદામાં ઠરાવેલ છે કે, જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પૂરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. જે સિદ્ધાંત હાલના કિસ્સામાં યોગ્યપણે લાગુ પડતો હોવાનું મારું માનવું છે તેમજ આરોપીને સજા કરવામાં આવે તો રીઢા ગુનેગારના સંસર્ગમાં આવે અને ગુન્હાખોરીના માર્ગે ચડે તેવી શકયતાને ધ્યાને લ ેતાં અને ઉપરોકત હકીકત ધ્યાને લઈ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહિ કરતાં, આરોપીની ગુન્હા કબુલાત સ્વીકાર કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧. આરોપીને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ઠપકા તથા રૂા.૧૦૦/- (રૂપિયા એકસો) પૂરા નો દંડની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૩(ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પાલનપુર<br>
તા.૧૧-૨-૨૦૨૩

(સુનિલ કુમાર શર્મા)<br>
એડી જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,પાલનપુર<br>
કોડ નં.જી.જે.૦૧૩૪૯